# શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ જોગ નિવેદન



સમગ્ર કચ્છ કડવા પાટીદાર માં **સનાતન સતપંથ** સંપ્રદાય સદીઓથી ચાલ્યો આવતો સનાતન સંપ્રદાય છે. આ સંપ્રદાયમાં  પંચદેવો, **જેમ** કે (૧) આદ્યનારાયણ (૨) બ્રહ્મા (૩) વિષ્ણુ (૪) મહેશ્વર (૫) આદ્યશક્તિ નું પુજન કરવામાં આવે છે. વિષ્ણુ ભગવાન નો અંતિમ દસમો કલ્કિ અવતાર થવાનો છે જે કલ્કી નારાયણ / નિષ્કલંકી નારાયણ / નકલંકી નારાયણ સ્વરૂપે થશે એવી સંપુર્ણ શ્રદ્ધા સાથે અંતિમ દશમો અવતાર ભગવાન શ્રી વિષ્ણુ નારાયણના સ્વરૂપ નું પુજન - અર્ચન કરવામાં આવે છે. આ સંપ્રદાયમાં પુર્ન જન્મ, ગુરૂ પરંપરા, ગૌરક્ષા અને ગૌપાલન, ઓમકાર પ્રણવ મંત્ર ને પ્રાધાન્ય આપવામાં આવે છે. આદ્યશક્તિ માતાજીની ઘીની દિવાની અખંડ જ્યોતિ પ્રજવલિત છે: કળશ ઘટપાટ વારીયજ્ઞ પૂજાનું પ્રાધાન્ય છે. સાકાર અને નિરાકાર રૂપને સમાન રીતે માનવાની શ્રધ્ધા ધરાવે છે.આવી શુધ્ધ હિંદુ પરંપરા સદગુરૂ શ્રી ઇમામશાહ મહારાજ દ્વારા પ્રેરિત આ સંપ્રદાયમાં છેલ્લા ૫૫૦ વર્ષ સુધી ચાલી આવેલ હતી અને છે તેમ છતાં આ હિંદુ સનાતન સતપંથ સંપ્રદાય વિરુદ્ધ અવારનવાર ખોટો પ્રચાર જુદા જુદા મીડિયા દ્વારા કરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે જેથી સનાતન સતપંથ સંપ્રદાયની પરંપરા વિષે નિવેદન કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે.

વર્ષો પૂર્વે આ પરંપરામાં સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ તેમજ અન્ય હિન્દુ સમાજ જોડાયેલા હતા. અંદાજીત ૩૫૦ વર્ષ પહેલા મુસ્લિમ સામ્રાજયમાં મથુરા-કૃષ્ણ-જન્મસ્થળ-પાવાગઢ-દ્વારકા-અયોધ્યા રામમંદિર-કાશી જેવાં સ્થળોમાં ફેરફાર થયાં તેવી રીતે જ આ સંપ્રદાયમાં મુસ્લિમ આક્રમણનો ભોગ બનેલ છે. કેટલાક લોકો સાથે મળીને આ સંપ્રદાયના સાહિત્યમાં તેમજ સમાધિ સ્થળમાં છેડછાડ કરી અપભ્રસ કરેલ છે. જેના કારણે સમાજના ધર્મ પ્રેમી ભાઈઓની ધાર્મિક લાગણી દુભાવવા લાગી હતી. તેના પ્રમાણો જેમ કે સવંત ૧૮૩૨ માં નખત્રાણા ખાતે મંદિરમાં જ્ઞાતિ સમક્ષ અગાઉ થી ચાલ્યા આવતા હિન્દુ રીતિરિવાજ ની વિરુદ્ધ માં કરેલ ત્રણ ઠરાવો નો સૌ પ્રથમ વિરોધ મુખી શ્રી કેશરા પરમેશ્વરા કરેલ હતો. તેમનો વિરોધ સંપ્રદાય વિરુદ્ધ ન હતો પરંતુ સાહિત્યો માં છેડછાડ કરવાવાળા વિધર્મી દ્વારા હિન્દુ પરંપરા વિરુદ્ધ ઠરાવો કરાવવાના ષડયંત્ર કરેલ તેનો વિરોધ કરેલ હતો. તેનો અર્થ એમ થયો કે સવંત ૧૫૯૦ થી સવંત ૧૮૩૨ સુધી આપણા  પુજ્ય વડીલો વૈદિક સતપંથ ને માનતા હતા અને ત્યારબાદ સવંત ૧૮૩૨ પછી સાહિત્યોમાં થયેલ છેડછાડને કારણે સતપંથીઓ માં દીન પ્રતિદિન નારાજગી વધતી જતી હતી અને તેજ પ્રકારે સમય જતા આપણા સમાજના આગેવાન ધર્મપ્રેમી નારણ રામજી લીંબાણી એ પણ આવા ખોટા અને છેડછાડ વાળા સાહિત્યનો વિરોધ કરેલ હતો જેથી આવા છેડછાડ વાળા સાહિત્યને કારણે સતપંથ સંપ્રદાયમાં ખોટું લાંછન

## શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ જોગ નિવેદન

સમગ્ર કચ્છ કડવા પાટીદાર માં **સનાતન સતપંથ** સંપ્રદાય સદીઓથી ચાલ્યો આવતો સનાતન વૈદિક સંપ્રદાય છે. આ સંપ્રદાયમાં પંચદેવો, **જેમ કે** (૧) આદ્યનારાયણ (૨) બ્રહ્મા (૩) વિષ્ણુ (૪) મહેશ્વર તેમજ (૫) આદ્યશક્તિ નું પુજન કરવામાં આવે છે. વિષ્ણુ ભગવાન નો અંતિમ દસમો કલ્કિ અવતાર થવાનો છે જે કલ્કી નારાયણ / નિષ્કલંકી નારાયણ / નકલંકી નારાયણ સ્વરૂપે થશે એવી સંપુર્ણ શ્રદ્ધા સાથે અંતિમ દશમો અવતાર ભગવાન શ્રી વિષ્ણુ નારાયણના સ્વરૂપ નું પુજન - અર્ચન કરવામાં આવે છે. આ સંપ્રદાયમાં પુર્ન જન્મ, ગુરૂ પરંપરા, ગૌરક્ષા અને ગૌપાલન, ઓમકાર પ્રણવ મંત્ર ને પ્રાધાન્ય આપવામાં આવે છે. આદ્યશક્તિ માતાજીની ઘીની દિવાની અખંડ જ્યોતિ પ્રજવલિત છે. કળશ ઘટપાટ વારીયજ્ઞ પૂજાનું પ્રાધાન્ય છે. સાકાર અને નિરાકાર રૂપને સમાન રીતે માનવાની શ્રધ્ધા ધરાવે છે.આવી શુધ્ધ હિંદુ પરંપરા સદગુરૂ શ્રી ઇમામશાહ મહારાજ દ્વારા પ્રેરિત આ સંપ્રદાયમાં છેલ્લા ૫૫૦ વર્ષ સુધી ચાલી આવેલ હતી અને છે તેમ છતાં આ હિંદુ સનાતન સતપંથ સંપ્રદાય વિરુદ્ધ અવારનવાર ખોટો પ્રચાર જુદા જુદા મીડિયા દ્વારા કરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે જેથી સનાતન સતપંથ સંપ્રદાયની પરંપરા વિષે નિવેદન કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે.

વર્ષો પૂર્વે આ પરંપરામાં સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ તેમજ અન્ય હિન્દુ સમાજ જોડાયેલા હતા. અંદાજીત ૩૫૦ વર્ષ પહેલા મુસ્લિમ સામ્રાજયમાં મથુરા-કૃષ્ણ-જન્મસ્થળ-પાવાગઢ-દ્વારકા-અયોધ્યા રામમંદિર-કાશી જેવાં સ્થળોમાં ફેરફાર થયાં તેવી રીતે જ આ સંપ્રદાયમાં મુસ્લિમ આક્રમણનો ભોગ બનેલ છે. કેટલાક લોકો સાથે મળીને આ સંપ્રદાયના સાહિત્યમાં તેમજ સમાધિ સ્થળમાં છેડછાડ કરી અપભ્રંસ કરેલ છે. જેના કારણે સમાજના ધર્મ પ્રેમી ભાઈઓની ધાર્મિક લાગણી દુભાવવા લાગી હતી. તેના પ્રમાણો જેમ કે સવંત ૧૮૩૨ માં નખત્રાણા ખાતે મંદિરમાં જ્ઞાતિ સમક્ષ અગાઉ થી ચાલ્યા આવતા હિન્દુ રીતિરિવાજ ની વિરુદ્ધ માં કરેલ ત્રણ ઠરાવો નો સૌ પ્રથમ વિરોધ મુખી શ્રી કેશરા પરમેશ્વરા કરેલ હતો. તેમનો વિરોધ સંપ્રદાય વિરુદ્ધ ન હતો પરંતુ સાહિત્યો માં છેડછાડ કરવાવાળા વિધર્મી દ્વારા હિન્દુ પરંપરા વિરુદ્ધ ઠરાવો કરાવવાના ષડયંત્ર કરેલ તેનો વિરોધ કરેલ હતો. તેનો અર્થ એમ થયો કે સવંત ૧૫૯૦ થી સવંત ૧૮૩૨ સુધી આપણા પુજ્ય વડીલો વૈદિક સતપંથ ને માનતા હતા અને ત્યારબાદ સવંત ૧૮૩૨ પછી સાહિત્યોમાં થયેલ છેડછાડને કારણે સતપંથીઓ માં દીન પ્રતિદિન નારાજગી વધતી જતી હતી અને તેજ પ્રકારે સમય જતા આપણા સમાજના આગેવાન ધર્મપ્રેમી નારણ રામજી લીંબાણી એ પણ આવા ખોટા અને છેડછાડ વાળા સાહિત્યનો વિરોધ કરેલ હતો જેથી આવા છેડછાડ વાળા સાહિત્યને કારણે સતપંથ સંપ્રદાયમાં ખોટું લાંછન

લાગેલુ હતું. આ સંપ્રદાયના અનુયાયીઓ તેમજ આપણી જ્ઞાતિમાં સંપ્રદાયના વાદ-વિવાદનું બીજ રોપાયું

હતું. અને વખત જતા સન ૧૯૮૫ ના અરસામાં આ સંપ્રદાયના ગાદીપતિ તરીકે શ્રી કરસનદાસ મહારાજની નિયુક્તી થતાં તેમણે આ સંપ્રદાયમાં ખોટા પ્રસિદ્ધ કરેલ સાહિત્યનો પ્રતિબંધ કરેલ અને તેમણે આ સંપ્રદાયની સંસ્થાઓ વતી મુળ સાહિત્ય પ્રસિદ્ધ કરેલ જે સતપંથ પ્રકાશન સમિતિ દ્વારા ઉપલબ્ધ છે તેમ છતાં આ સંપ્રદાયને લગતા ખોટા પ્રસિદ્ધ કરેલ અગાઉના જુના સાહિત્યને આપણી જ્ઞાતિના લોકોની સામે વારંવાર રજુ કરીને આ સંપ્રદાયને ખોટી રીતે મુસ્લિમ સંપ્રદાયની છાપ ઊભી કરવાનો પ્રયત્નો કરી રહેલ છે. જે બાબતે ભ્રામક પ્રચારકોના દુષ્કૃત્યનો આ સનાતન સતપંથ સંપ્રદાય સખ્ત શબ્દોમાં વિરોધ કરે છે અને તેમના દ્વારા આજ સુધીના વિકૃત રીતે કરાયેલા તમામ પ્રયત્નોને વખોડી કાઢવામાં આવે છે. આ સંપ્રદાયમાં આપણા સમાજના બધા વડવાઓ માનતા હતા તેને વિકૃત રીતે રજુ કરવો એ ભૂલ ભરેલું છે. તેઓ માત્ર વિધર્મીના સંપ્રદાયમાં થયેલ આક્રમણનો ભોગ બનેલ હતા.

આદ્યજગદગુરૂ કરશનદાસ મહારાજે આ સંસ્થાને હિંદુ પરંપરા રીતે ભારતભરના સંતો મહંતો અને મઠો, શંકરાચાર્યો, જગદગુરુઓ, મંડલેશ્વરો અને મહામંડલેશ્વરો અને અખાડાઓ અને સાધુ સંતો સાથે મળીને હિંદુ પરંપરાના ઉજવાતા કુંભમેળાઓ તેમજ હિંદુ તહેવારોની ઉજવણી આ સંપ્રદાય કરતા આવ્યા છે અને કરે છે.અખીલ ભારતીય સંતો તરફથી આ સંપ્રદાયને જગદગુરુ પદ અને પ્રેરણાપીઠ તીર્થધામ તરીકે માન્યતા આપેલ છે. વિશાળ ગૌ શાળા, ગુરૂકુળ તેમજ આરોગ્ય કેન્દ્રો અને નિષ્કલંકી નારાયણ જ્યોતિ મંદિરો, આશ્રમો વગેરે દ્વારા માનવતાવાદી તેમજ ધર્મરક્ષના કાર્યો કરવામાં આવે છે.

સતપંથ સનાતન સંપ્રદાય જેને સદગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ પ્રેરીત છે જે મુળથી હિંદુ પ્રણાલી મુજબ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એ ત્રિદેવની સાકાર સ્વરૂપે અને આધનારાયણને નિરાકાર સ્વરૂપની માન્યતા દ્વારા સંપુર્ણ હિંદુ વૈદિક પરંપરામાં માનતો આવેલ છે. આ સંપ્રદાય મુસ્લિમ સંપ્રદાયની કોઈપણ પ્રકારની પરંપરા કે મુસ્લિમ રીત- રિવાજોને માનતો નથી. તેમ છતાં ખોટા આરોપ મુકવામાં આવતા હોય તે તદ્દન જુઠા અને દ્વેષયુક્ત છે. આ સંપ્રદાય મારફતે આપણી જ્ઞાતિ ના લોકોને હિંદુત્વથી ઈસ્લામીકરણ તરફ લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેવો આરોપ મુકવામાં આવતો હોય તો તે તદ્દન ખોટો અને ભ્રામક છે. આવું કરી સમાજના લોકોમાં ખોટી ગેરસમજ ઉભી કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આ બાબતને સમાજના સમજુ અને બુદ્ધિજીવીઓ પણ આવા ખોટા ધાર્મિક તેમજ સામાજિક વિખવાદ દ્વારા સમાજને તોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેવાઓનો વિરોધ કરે છે ત્યારે તેમને દૂધ દહીં વાળા ગણાવીને વખોડવામાં આવે છે અને સમાજના આવા ૫-૨૫ કહેવાતા ભ્રામક પ્રચારકો સમાજના પ્લેટફોર્મનો ઉપયોગ કરી અથવા સોશીયલ મીડિયા દ્વારા ખોટો પ્રચાર કરી સમાજની લાગણી દુભાવવાનું તેમજ એકતા તોડવાની કામગીરી બજાવી રહ્યા છે. આવા ભ્રામક પ્રચારની સત્યતા સમજવા વિનંતી કરીયે છીએ.

શ્રી ઉમિયા માતાજી સંસ્થા ઊંઝા, લવાદી સમિતિએ આપેલ ચુકાદાને કુળદેવી શ્રી ઉમિયા માતાજીના સંતાન હોવાને નાતે અમો તેને વધાવીએ છીએ તેમજ જગદગુરુ સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ ની સમંતિથી સતપંથ સંપ્રદાયના ભાવિકો ચુકાદાનું પાલન કરવા કટિબંધ છે પરંતુ ચુકાદાના પાલનમાં કેટલીક બાબતોમાં અર્થઘટનની અસ્પષ્ટતા હોવાને કારણે ગેરસમજ ઉભી થયી છે તે માટે લવાદી સમિતિ સાથે તેનું યોગ્ય અર્થઘટન થાય તે માટે પ્રયત્નો ચાલુ છે. બંને સમજોમાં કાયમી એકતા સ્થપાય તે હેતુ માટે અમો સર્વ જ્ઞાતિજનોને અપીલ કરીએ છીએ કે બધા સમજોમાં પણ વિવિધ સંપ્રદાયમાં ધાર્મિક આસ્થા ધરાવતા લોકોનો સમૂહ હોય છે તેમ આપણા સમાજમાં પણ સંપ્રદાયને કારણે સમાજમાં થતા વિખવાદ ને સ્થાન આપ્યા વગર સમાજના વિકાસ અને એકતા માટે આવા કૃત્યોનો વિરોધ કરી સમાજમાં કાયમી એકતા, વિકાસ અને અખંડિતતા જળવાય અને રાજ રાજેશ્વરી કુળદેવી શ્રી ઉમિયા માતાજીના આશીર્વાદ આપણા સમાજ ઉપર વરસંતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

Dayji K Patel

પ્રમુખ શ્રી / મંત્રી શ્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ

મુ - પ્રેરણાપીઠ તીર્થધામ, પો - પીરાણા,

તા - દસ્ક્રોઈ, જી – અમદાવાદ